
الغوجراتية

2

# વુઝુ,તયમ્મુમ અને ગુસ્લ(સ્નાન) નું વર્ણન.

## વુઝુનુ વર્ણન


1 વ્યક્તિ પોતાના દિલમાં વુઝુનો ઈરાદો કરે. ત્યારબાદ બિસ્મિલ્લાહ કહે અને પોતાના બંને હાથ ધૂએ.




2 ત્યારબાદ જમણા હાથમાં પાણી લઈ મદમદહ કરે( એટલે કે મોઢામાં પાણી લઈ કોગળા કરે). ત્યારબાદ નાક વડે ઈસ્તિનશાક કરે (નાકમાં પાણી ચઢાવવું) પછી ઈસ્તિનશાર કરે(ડાબી તર્જની અને અંગુઠો નાક પર મૂકી પાણી બહાર કાઢવું)




3 ત્યારબાદ પોતાનો ચહેરો ધૂએ ( કપાળની હેરલાઈનથી નીચેના જડબા અને ઠોળી સુધી લંબાઈમાં અને બે કાન વચ્ચે દરેક ભાગ પહોળાઈ માં)



4 ત્યારબાદ આંગળીના ટેરવાથી કોણી સુધી બંને હાથ ધૂએ. પહેલા જમણો હાથ પછી ડાબો હાથ ધૂએ




5 ત્યારબાદ માથાના આગળના ભાગથી ગરદનના પાછળના ભાગ સુધી હાથ ફેરવી માથાના આગળના ભાગ સુધી પાછો લાવે



6 ત્યારબાદ બે તર્જની આંગળીઓ પોતાના કાનમાં નાખી ફેરવે અને બે અંગુઠા વડે કાનનો બહારનો ભાગ સાફ કરે.



7 ત્યારબાદ બંને પગ ને ઘૂંટી સુધી ધૂએ. પહેલા જમણો પગ પછી ડાબો પગ ધૂએ.



8 શરિઅત મુજબ નિર્ધારિત વખત ધોવાની માત્રામાં ઉમેરો કરવાનો શું નિયમ છે?
શરિઅતમાં નિર્ધારિત વખત કરતાં વધારે વખત ધોવાની મનાઈ છે.જેમકે ત્રણ થી વધુ વખત ધોવું, કોણીથી ઉપર અને પગની ઘૂંટીથી ઉપર ધોવું અને ગરદન પર હાથ ફેરવવો વગેરે.



9 વુઝુ કર્યા પછી કહો"અશહદુ અલ્લા ઈલાહા ઈલ્લલ્લાહુ વહદહુ લા શરીક લહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહુ વ રસુલુહ ( હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ અન્ય ઈબાદતને લાયક નથી, તે એકલો છે તેનો કોઈ શરિક નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ તેના બંદા અને રસુલ છે." અને કહે," અલ્લાહુમ્મજ અલની મિનતત્તવ્વાબિન વજઅલની મિનલ મુતત્તહીરિન( હે અલ્લાહ મને હંમેશા તૌબા કરનાર અને પાક રહેનાર લોકો માંથી બનાવ)

10 **વુઝુ તોડનાર બાબતો**

1. જે આગળના અને પાછળના માર્ગેથી બહાર નીકળે છે તે જેમકે પેશાબ, જાજરૂ અને હવા
2. ઊંઘ અથવા બેભાન થઈ જવાથી
3. ઊંટ નું માંસ ખાવાથી


## તયમ્મુમનું વર્ણન

1 જ્યારે પાણીની અછત હોય અથવા તેના ઉપયોગથી શરીરના તમામ અથવા કેટલાક અંગો ને નુકશાન થવાનો ડર હોય ત્યારે પાણીના બદલે માટી નો ઉપયોગ કરવામાં આવે છે જેને તયમ્મુમ કહે છે.

2 વ્યક્તિ પોતાના દિલમાં તયમ્મુમ નો ઈરાદો કરે પછી બિસ્મિલ્લાહ કહી બંને હાથ માટી પર મારી હથેળીઓ વડે ચહેરો અને બંને હાથની બહારની બાજુઓ લૂછી લે.




3 માટી પર હાથ મારતી વખતે આંગળીઓ છૂટી રાખવી જોઈએ નહીં.



## ફરજિયાત ગુસ્લ( સ્નાન) નું વર્ણન

1 વ્યક્તિ પોતાના દિલમાં ગુસ્લનો ઈરાદો કરે અને બિસ્મિલ્લાહ મનમાં કહી મદમદહ( કોગળા કરવા) અને ઈસ્તિનશાક (નાકમાં પાણી ચઢાવી બહાર કાઢવું) કરીને સમગ્ર શરીર અને પાતળા તથા જાડા વાળ નીચે છે કંઈ હોય તેને પાણીથી ધોઈ નાખે.

2 . ગુસ્લને ફરજિયાત બનાવતી બાબતો:
a. જનાબત, અન્ય માધ્યમો દ્વારા અથવા વિર્ય ઉત્સર્જન કર્યા વગર સંભોગ અથવા સમાગમ વખતે વિર્ય ઉત્સર્જન થાય
b. માસિક સ્રાવ અથવા બાળકના જન્મ પછી લોહી બહાર નીકળે
c. જે શહીદ નથી તેના મરણ પછી
d. બિન મુસ્લિમનો ઈસ્લામ ધર્મમાં પ્રવેશ

ડૉ. હૈથમ સરહાન દ્વારા સંકલિત. મસ્જિદ નબવી ના શિક્ષક અને સુપરવાઈઝર. mahadsunnah.com

મુદ્રણ, પ્રકાશન અને વિતરણના હકો બધા માટે ઉપલ્બધ છે.-બ્રોશર નો અનુવાદ કરવા માટે :sarhaan.com. અથવા બારકોડ સ્કેન કરો.